ગાંધીનગર સમાચાર

જિલ્લા આયોજન સમિતિની ૨૦ બેઠક માટે ૩૦ ઉમેદવારો મેદાનમાં

# અષાઢી મેઘ અંબર ગાજે...

## ખેલૈયાઓએ આપત્તિને અવસર બનાવી : રીમઝીમ વરસાદમાં ઝુમઝુમ ગરબા : ખેલૈયાઓએ હાથમાં છત્રી લઇ ગરબાની મોજ માંણી : આયોજકો પણ વરસતા વરસાદમાં ગરબે ઘુમ્યા







ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં નવરાત્રિની ઉજવણીમાં વરસાદ વિઘ્નરૂપ બનતા ખૈલૈયાઓનો મુડ ઓફ થઈ ગયો છે. પ્રથમ દિવસે વરસાદે ગરબાના રંગમાં ભંગ પાડયો હતો. જયારે બીજા દિવસે ગરબાની રમઝટ જામી હતી. જયારે ત્રીજા નોરતે પણ ગરબાના ટાંણે જ વિજ ચમકારા અને વાદળ ગર્જના સાથે વરસાદ વરસતા ગરબા પ્રેમીઓનો ઉત્સાહ ઓસરી ગયો હતો. જો કે ગરબા મહોત્સવ માટે આપત્તિ સમાન વરસાદને કેટલાક ઠેકાણે અવસરમાં ફેરવી નાંખાયો હતો.વરસતા વરસાદમાં માતાજીની આરતી કરવામાં આવી હતી. હાથમાં છત્રી સાથે રાખી ખૈલેયાઓ ગરબો ઘુમ્યા હતા. જયારે આયોજકોએ પણ જવાબદારીમાં હળવાશ અનુભવતા ગરબામાં જોડાયા હતા. કલ્ચરલ ફોરમમાં ખૈલેયાઓએ વીજળીના ચમકારા અને રીમઝીમ વરસાદ વચ્ચે રેઈની ગરબાની મોજ માંણી હતી. જયારે શેરી ગરબામાં પણ વરસાદી માહોલમાં ગરબાની રમઝટ જામી હતી.

ગાંધીનગરમાં નવરાત્રીની શરૂઆતથી જ આકાશી નઝારો બદલાયો છે. જેના લીધે રોજબરોજ દિવસના વાદળિયા વાતાવરણના અંતે ગરબાના સમય દરમિયાન જ મેઘરાજા હાઉકલી કરવા આવી જાય છે. પ્રથમ નોરતે પણ અડધા ઇંચ વરસાદ વરસ્યો હતો. જેના લીધે ગરબા બંધ કરી દેવાની ફરજ પડી હતી. ગરબા મેદાનમાં ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. વિજળીના ચમકારા અને વાદળ ગર્જના સાથે વરસાદ ખાબકતા ખૈલેયાઓનો ઉત્સાહ ઓસરી ગયો હતો. જયારે બીજા દિવસે પણ વરસાદના ભય વચ્ચે ખૈલેયાઓ ઉંચા મને ગરબે ઘુમ્યા હતા. સતત ત્રીજા નોરતે પણ સાંજ ઢળતા જ મૌસમનો મિજાજ બદલાયો હતો. ઠંડા પવનની લહેરકી સાથે વિજચમકારા અને વાદળ ગર્જના સાથે વરસાદ ખાબકયો હતો. જેના લીધે ગરબા મહોત્સવની ઉજવણીને આડે મોટું વિઘ્ન આવી ગયુ હતુ. રાત્રિના આરતી સમયથી જ વરસાદ વિલન બનતા ભાવિકોએ હાથમાં છત્રી રાખી માતાજીની પુજા અર્ચના કરી હતી.

બીજીતરફ રીમઝીમ વરસાદ યથાવત રહેતા ગરબા મહોત્સવના આયોજકો મુંઝવણમાં મુકાયા હતા. પરંતુ વરસાદી વિઘ્ન વચ્ચે પણ ખૈલેયાઓએ ગરબે ઘુમવાની ઉત્સુકતા દર્શાવતા આખરે વરસતા વરસાદ વચ્ચે પણ ગરબા ચાલુ રહયા હતા. કલ્ચરલ ફોરમમાં પણ ગરબાની રમઝટ જામી હતી. ખૈલેયાઓ હાથમાં છત્રી લઈ ગરબે ઘુમ્યા હતા. જયારે ભીડના અભાવે આયોજકો પણ હળવા મુડમાં જોવા મળ્યા હતા.

કલ્ચરલ ફોરમની કમિટીના સભ્યો તેમજ આયોજકોની ટીમને પણ ગરબા રમવાનો અવસર મળી ગયો હતો. લાયન્સ લાયોનેસ કલબમાં પણ વરસાદમાં પણ ખૈલેયાઓએ ગરબાની મોજ માંણી હતી. વરસાદ ગરબા માટે વિલન પુરવાર થયો છે. પરંતુ વરસાદી આપત્તિને અવસરમાં ફેરવવાનો અભિગમ અપનાવી ગરબા મહોત્સવના આયોજકો પણ ગરબે ધુમ્યા હતા.

# હજુ આગામી બે દિવસ વરસાદ ખૈલેયાઓના રંગમાં ભંગ પાડશે

## ૬ ઓકટોબર સુધી વરસાદના યોગ : અંબારામ પટેલ

ગાંધીનગર, તા.૪

નવલી નવરાતમાં વરસાદી વિઘ્નએ અજગર ભરડો લેતા ખૈલેયાઓ સહીત ગરબાના આયોજકોનો ઉત્સાહ ઓસરી રહયો છે. આ વખતે દસ નોરતા હોવાથી એક દિવસ વધુ ગરબે ઘુમવા મળશે તેવો ઉત્સાહ ગરબા પ્રેમીઓમાં પ્રવર્તયો હતો. પરંતુ રોજ સાંજ ઢળતા આકાશમાં ગોરંભાયેલા વરસાદી વાદળોના લીધે ગરબા પ્રેમીઓમાં હતાશા વ્યાપી છે. ત્યારે નવરાતના ચાર દિવસો વીતી ગયા છે. આવા સંજોગોમાં મનમુકીને ગરબે ઘુમવા થનગનતા નવયૌવનની મીટ રોજ સવાર પડતા જ આકાશ તરફ મંડરાય છે. પરંતુ વાતાવરણના નાટયાત્મક પલ્ટાનો અંત ક્યારે આવશે તે વાત સૌ કોઈ માટે મુંઝવણનો વિષય બની છે. જાણીતા જયોતિષી અંબારામ પટેલે ગાંધીનગર સમચાર સાથેની વાતચીતમાં જણાંવ્યુ હતુ કે હજુ પણ આગામી તા ૬ ઓકટોબર સુધી વરસાદના યોગ છે. અલબત્ત નવરાત્રિની ઉજવણીના અંતિમ તબક્કામાં વરસાદનુ વિઘ્ન નહીં નડે તેમ પણ મનાઈ રહયુ છે.

# જિલ્લા આયોજન સમિતિની ૨૦ બેઠક માટે ૩૦ ઉમેદવારો મેદાનમાં

## પંચાયતની ૧૬ બેઠક માટે ૨૧ અને નગરપાલિકાની ૪ બેઠક માટે નવ ઉમેદવારોએ મેદાનમાં ઝુકાવ્યુ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા આયોજન સમિતિની વીસ બેઠકો માટે આજે ત્રીસ ઉમેદવારી પત્રો ભરાતાં ચૂંટણી જંગ નિશ્ચિત મનાઈ રહ્યો છે.

જિલ્લા આયોજન સમિતિમાં જિલ્લા પંચાયતની ૧૬ બેઠક માટે ૨૧ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે તો નગરપાલિકાની ચાર બેઠક માટે નવ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

પંચાયતની ૧૬ બેઠક પર ભાજપના પાંચ અને કોંગ્રેસના ૧૬ ઉમેદવારો મેદાનમાં છે તો નગરપાલિકાની ૪ બેઠક માટે પાંચ ભાજપના અને ૪ કોંગ્રેસના ઉમેદવારો મેદાનમાં છે.

ઉમેદવારીપત્રોની આજે ચકાસણી હાથ ધરાશે અને ૭મી સુધીમાં ઉમેદવારીપત્રો પાછા ખેંચી શકાશે.

ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સમાધાન ના થતાં આ જંગના બીજ રોપાયા છે. પંચાયતમાં કોંગ્રેસની બહુમતિ છે. ૨૪ સભ્યોમાંથી ૧૬ને ચૂંટવાના છે જ્યારે નગરપાલિકાના ૧૨૩ સભ્યોમાંથી ૪ને ચૂંટવાના છે પણ તેમાં ભાજપની બહુમતિ છે. ૮૦ બેઠકો ભાજપ પાસે છે તો ૪૩ બેઠકો કોંગ્રેસ પાસે છે.

બન્ને પક્ષના આગેવાનો દ્વારા બેઠકોનો દોર ચાલી રહ્યો છે અને સાતમી સુધીમાં સમાધાન થઈ જશે તેમ મનાઈ રહ્યુ છે.

# ગ્રામ વિકાસની કામગીરીમાં તલાટીએ કડી રૂપ ભૂમિકા બજાવવાની છે : ડી.ડી.ઓ. દેસાઈ

ગાંધીનગર, તા. ૪

ગ્રામવિકાસમાં તલાટીએ કડીરૂપ ફરજો નિભાવવાની છે તલાટીએ હવે માત્ર વસુલાત અને મહેસુલની સાથે સાથે વિકાસની કામગીરીને પણ એટલુ જ પ્રાધાન્ય આપવાનુ છે એ ભુલવુ જોઈએ નહી.

જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ આજે તલાટી અને શાખાધિકારીઓની બેઠકને સંબોધતા જણાવ્યુ હતુ.

તેમણે જણાવ્યું હતું કે દબાણો વધે નહિ સ્વચ્છતા જળવાઈ રહે તેમજ પાણીના સંશાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ થાય એટલુ જ નહિ ક્લોરીનેશન સાથે પેયજળનો પુરવઠો અપાય તે જરૂરી છે.

જિલ્લા વિકાસ અધિકારીએ વસુલાતની કામગીરી પર વિશેષ આગ્રહ કરી જણાવ્યુ હતુ કે ગંદકી ફેલાવનારાઓ સામે દંડનીય કાર્યવાહી કરવી જોઈએ.

તેમણે જણાવ્યુ હતુ કે વિકાસના કામોને પણ પ્રાધાન્ય આપવુ પડશે. તલાટી એ ગ્રામ વિકાસ માટેની કડી છે. તલાટીએ તેનુ મહત્વ મહેસુલ કે વસુલાત પુરતુ સીમીત કરવાની જરૂર નથી. મનપામાં કમિશનર, ન.પા.માં ચીફ

● અનુસંધાન પાન-૭ પર


# ગાંધીનગર જિલ્લામાં રાજય કક્ષાની નાટય સ્પર્ધા યોજાશે

ગાંધીનગર તા ૪

સંગીત કલા અને સાહીત્ય,નૃત્ય અને નાટક ક્ષેત્રે વિદ્યાર્થીઓમાં રસ રૂચિ વધુ કેળવાય તેમજ તેમની આંતરિક શકિત નિખરે તેવા આશયથી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે દર વર્ષે કલા ઉત્સવ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનુ આયોજન કરવામાં આવે છે. આ અન્વયે રાજયમાં વિવિધ જિલ્લાઓમાં શાળાકક્ષાએ યોજાયેલી જિલ્લા કક્ષાની સ્પર્ધામાં વિજેતા થયેલી ટીમો માટે આગામી તા ૧૦ ઓકટોબરના રોજ રાજય કક્ષાની વિવિધ સ્પર્ધા યોજવામાં આવશે ગાંધીનગરમાં પણ આ અંતર્ગત સે-૨૩ કડી કેમ્પસના હોલમાં સવારે ૯ કલાકે નાટય સ્પર્ધા યોજવામાં આવશે.

કવિ કાલીદાસે કહયુ છે કે જે વ્યકિત સાહીત્ય ,સંગીત અને કલા વિહીન હોય તે પશુ સમાન છે. વિદ્યાર્થીઓમાં પણ કલા અને સંસ્કૃતિ ક્ષેત્રે વધુ રુચિ જાગે તેમજ તેમનો સર્વાંગી વિકાસ થાય તેવા આશયથી શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓમાં વિવિધ સ્પર્ધાઓનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં સંગીત સાહીત્ય નૃત્ય અને નાટય ક્ષેત્રે વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી જયારે જિલ્લા કક્ષાએ યોજાયેલી આ સ્પર્ધામાં વિજેતા થયેલા સ્પર્ધકો માટે વિવિધ ઠેકાણે રાજયકક્ષાની સ્પધાઓનુ આયોજન કરવામાં આવ્યુ છે. ગાંધીનગરમાં પણ વિદ્યાર્થીઓને અનુલક્ષી રાજય કક્ષાની નાટય સ્પર્ધા યોજવામાં આવશે આગામી તા ૧૦ ઓકટોબરના રોજ સે-૨૩ સ્થિત કડી કેમ્પસના ખીમજી વિશ્રામ હોલમાં સવારે ૯ કલાકે આ સ્પર્ધા યોજવામાં આવશે. જેમાં રાજયના ૧૫ જિલ્લાઓમાંથી વિવિધ શાળાઓ ભાગ લેશે જિલ્લા કક્ષાએ યોજાયેલી સ્પર્ધાની વિજેતા ટીમો આ નાટય સ્પર્ધામાં ભાગ લેશે ધો-૯ થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની જિલ્લા કક્ષાએ પ્રથમ આવેલી ટીમ નાટય સ્પર્ધામાં હીસ્સો લેશે.

## દ્વિતીય વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



**સ્વ. જાદવભાઈ ઉકાભાઈ સોલંકી (ભોજવીયા)**

જન્મ તારીખ : ૨૨-૦૨-૧૯૩૮ સ્વર્ગવાસ તારીખ : ૫-૧૦-૨૦૧૪

જીવન એવું જીવી ગયા કે ભુલશું નહીં,વિદાય એવી લીધી કે અમે કદી વિસરશું નહિં,
છોડી અમારા સૌનો સાથ, જઈ વસ્યા પ્રભુને પાસ આપની અણધારી થઈ વિદાય યાદ
અમારા દિલમાં રહેશે સદાય પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે એજ પ્રાર્થના...

**ગં.સ્વ. કુસુમબેન જાદવભાઈ સોલંકી**

લિ.

જગદીશચંદ્ર જાદવભાઈ સોલંકી — સોભના જગદીશચંદ્ર સોલંકી
જયશ્રીબેન પુનારામ દેવાંગન — રિશી પુનારામ દેવાંગન (દોહિત્ર)
રાજેશ જાદવભાઈ સોલંકી — દિપીકા રાજેશ સોલંકી
ગીતા મહેન્દ્રકુમાર ભારવા — મહેન્દ્રકુમાર ભારવા
હરેશ જાદવભાઈ સોલંકી — સુનિતા હરેશ સોલંકી
પરેશ જાદવભાઈ સોલંકી — પ્રતિમા પરેશ આચાર્ય
દુષ્યંત જગદીશચંદ્ર આચાર્ય — જીંદગી દુષ્યંત આચાર્ય
પાર્થ જગદીશચંદ્ર આચાર્ય — નેહા પાર્થ આચાર્ય

અમે સર્વે આપના હંમેશા ઋણી રહીશું

નિશિ ● ધ્રુવી ● ખુશી (દોહિત્રી) ● જૈનમ ● પ્રિયાંશી ● ત્રિશિવ ● ધ્રુવ (પ્રપૌત્ર)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com